ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૯-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

ઘાયલ કી ગત ઘાયલ જાને

પંજાબ અને હરિયાણાને કૃષિક્ષેત્રે માત આપવામાં વિકાસદરની દૃષ્ટિએ સફળ રહેલું ગુજરાત પાટનગર ખાતે ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટ અને વિશાળ કૃષિ પ્રદર્શન યોજી દેશભરના કિસાનોની પ્રશંસા પામ્યું છે. પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલને ગુજરાતના મુખ્યમંત્રીની પ્રશંસા કરવી પડે છે. તે જ શું સૂચક નથી? ગુજરાતનો ખેડૂત દેશના અન્ય વિસ્તારોના ખેડૂતો કરતાં વધારે જાગ્રત અને આધુનિક છે. અહીં ઈઝરાયેલની ટપક સિંચાઈ યોજનાનો વ્યાપક અમલ જોવા મળે છે. ઓછા વરસાદ અને સીમિત સિંચાઈ વ્યવસ્થા છતાં ગુજરાતનો ખેડૂત વરસમાં ત્રણ ત્રણ ફસલ પકવે છે અને ખરા અર્થમાં 'જગતનો તાત' બની રહે છે. કણમાંથી મણ પેદા કરવાની તાકાત ફક્ત ખેડૂતમાં છે. આ ધરતીનો જાયો રાતદિવસ ટાઢ-તડકો કે વરસાદની પરવા કર્યા વગર માટી ભેગો માટી થઈ પરસેવો પાડે છે અને એની આ મહેનતને કારણે જ ક્યારેક અમેરિકા જેવા દેશમાંથી અનાજ આયાત કરવું પડતું એને ઠેકાણે આજે આપણે લાખો ટન અનાજની નિકાસ કરી શકવાની સ્થિતિમાં આવ્યા છીએ. આયોજનના અભાવે લાખો ટન અનાજ સરકારી ગોદામોમાં સડી જાય છે. કાં તો ખુલ્લામાં રાખવાને લીધે વરસાદમાં પલળીને બગડી જાય છે. આવું અઢળક અન્ન ઉત્પાદન કરતા દેશમાં એવા લોખો-કરોડો પરિવારો વસે છે જેમને બે ટંકનો રોટલો મળતો નથી. ગુજરાત ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટમાં ગુજરાતની કૃષિક્ષેત્રે હરણફાળની પ્રશસ્તિ કરાઈ એની સાથે દેશના અને ખુદ ગુજરાતના લાખો ગરીબો માટે કેન્દ્ર સરકારે અન્ન સુરક્ષા યોજના બનાવી છે તેનું સુયોગ્ય વિશ્લેષણ અને સમર્થન થવું જોઈતું હતું. આપણા પક્ષીય રાજકારણની મોટામાં મોટી ખામી આ છેઃ તેમાં વિપક્ષ હરહંમેશ સત્તાપક્ષની ટીકા જ કરતો ફરે છે અને સત્તાપક્ષ વિપક્ષની ભૂમિકાને નકારતો રહે છે. ગુજરાત ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટ જેવા વ્યાપક ફલક પર તો દેશની કૃષિ સમસ્યાઓ અને ઉપલબ્ધિઓ તેમજ સંભાવનાઓની ચર્ચા થવી જોઈતી હતી. એને ઠેકાણે ફક્ત ગુજરાતનાં અને ગુજરાતના લડવૈયા શૂરા મુખ્યમંત્રીનાં ગુણગાન ગવાયાં. મહાત્મા મંદિરને જોઈ તાજ્જુ અનુભવતા દેશપરદેશના કિસાનો આ ત્રણ દિવસ પૂરતા કિસાન મટીને સહેલાણી બની ગયા અને અને મહાત્મા મંદિરને મોદીના તાજમહેલની ઉપમા મળી! હવે જરા ટાઢા કાળજે વિચારશો તો સમજાશે કે ગાંધીને શાહજહાંની ભવ્ય પ્રેમકથાના એ પ્રતીક સાથએ નહાવા નિચાવોનો સંબંધ ખરો? ખરું પૂછો તો કિસાન સંમેલન તો ખુલ્લાં ખેતરોમાં યોજાવું જોઈએ. ગાંધીનગરનું મહાત્મા મંદિર એના માટેનું યોગ્ય સ્થળ ન જ ગણાય. એ દાંતીવાડાની કૃષિ યુનિવર્સિટીના પરિસરમાં યોજાયું હોત તો વધુ સાર્થક નીવડ્યું હોત. ગુજરાતના ચીમનભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, બાબુભાઈ જશભાઈ, કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલા જેવા કૃષક સમાજમાં જન્મેલા અને ઊછરેલા મુખ્યમંત્રીઓ મળેલા છે. ખેતી અને ખેડૂતની પીડા ખેડૂત સમાજમાંથી આવતો નેતા સમજે એટલી ભાગ્યે જ અન્ય કોઈ નેતા સમજી શકે. દેશને આજપર્યંત ફક્ત બે જ કિસાન વડાપ્રધાન સાંપડ્યા છેઃ ચૌધરી ચરણસિંહ અને દેવ ગૌડા. દેશ કૃષિપ્રધાન ખરો પણ એના કર્ણધારોને કૃષિ સાથે નહાવા નિચોવાનો સંબંધ રહ્યો નથી. તેથી સાડા છ દાયકાની આઝાદી પછી પણ દેશનો કિસાન હાંસિયે ધકેલાતો રહ્યો છે. હવે એ ધીરે ધીરે માતા જેવી જમીનને એક અસ્કામત ગણી વેચવા લાગ્યો છે. એક સમય એવો આવશે કે દેશના બે નંબરિયા નવધનિકો જ જમીન માલિકો બની રહેશે અને કિસાનનો દીકરો એની આજીવિકા મેળવવા એમની મહેરબાનીની આશા રાખતો હશે. આવી સ્થિતિ પેદા કરનારી રાજકીય વ્યવસ્થાનો સામનો કરવા કિસાનોએ વેળાસર સંગઠિત થવું જ રહ્યું. સરદાર પટેલે કહ્યું હતું કે, આ જગતમાં છાતી કાઢીને ફરવાનો હક હોય તો એકલા ખેડૂતના દીકરાને હોવો જોઈએ. આજે એ જ સરદાર પટેલના વંશજ જેવા કિસાનો કેવા પાંગળા થઈ ગયા છે!

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફુટબોલમાં ત્રીજા સ્થાને

ગાંધીનગર, તા. ૧૧

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સે. ૮ના યજમાન પદે ગુજરાત યુનિ દક્ષિણ વિભાગ ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની ખુબજ અંતરીયાળ વિસ્તારથી કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ખુબજ મોટી સંખ્યામાં ખેલાડી મિત્રો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મહેમાન તરીકે પધારેલ ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર લાલસિંહ મકવાણા તથા સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. રૂચાબેન બ્રહ્મભટ્ટ, કોર્પોરેટર સંદિપ જ્યોતિકર ગુજરાત યુનિ. લોકલ સ્પોર્ટસ કમિટીના ખજાનચી ડૉ. આર.જે. ઝાલા, પ્રો. એ.જી. પટેલ પ્રસંગને સફળ બનાવવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોર્પોરેટર લાલસિંહ મકવાણાએ ખેલાડીઓને દેશ તથા ગુજરાત માટે કઈક કરવાની શીખ આપી હતી. ડૉ. રૂચાબેને પોતાના પ્રવચનમાં ખેલાડીઓ ફક્ત રમત-રમવા માટે નથી રમતાં પણ આ સાંઘીક રમતો એક બિજા સાથે કેવી રીતે રહેવું સંઘભાવના કેળવાય ત્વરીત નિર્ણય કેવી રીતે લેવાં સમુહ ભાવનાથી પોતાના લક્ષ્ય સુધી પહોંચી સકાય છે તેમ જણાવ્યું હતું. આમ સમગ્ર દિવસનાં અંતે પરિણામ સ્વરૂપે પ્રથમ-આર્ટસ કોલેજ દાહોદ, બિજા ક્રમે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગોધરા, ત્રીજા સ્થાને સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ રહી હતી. સમર્પણ કોલેજે ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરવા બદલ સમર્પણ કોલેજના કેમ્પસ ડાયરેક્ટરશ્રી કિશોરસિંહ સોલંકી સાહેબે અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર રમતનું સંચાલન સમર્પણ કોલેજના ડી.પી.ઈ. પ્રા. મહેન્દ્ર મોડિયાએ કર્યું હતું અને સુરેન્દ્રસિંહ વાઘેલાએ સાથ આપ્યો હતો.

ના નવા લોકો નથી... ચિકન ગુનિયાથી પરેશાન છે... એટલે ઘોડી સાથેનાં સંઘને આવું નામ આપ્યું છે...!

ગાંધીનગરમાં ઘણાંને ફોર્મ્યુલા નામનો વાઈરસ નડે છે : આર. જે. ધ્વનિત

ફોર્મેટમાં માણસ બંધાય એટલે ખલાસ થઈ જાય બીબાઢાળ શિક્ષકોએ ઈનોવટીવ બનવાની જરૂર : સાવ ભીંજાયેલો માણસ ધોધમાર વરસાદથી ડરતો નથી : સ્ટુડન્ટસને ફેઈલીઅરથી ન ડરવા સલાહ

ગાંધીનગર, તા.૧૧

આજે પ્રત્યેક વ્યકિત સતત ટકી રહેવાની પણોજણમાં જીવનનો હેતુ ભૂલી જાય છે. જીવનને 'ફોર્મ્યુલા' નામનો વાઈરસ નડે છે. ગાંધીનગરમાં પણ આવા વ્યકિતઓની સંખ્યા વિશેષ છે. બધી રૂટીન બાબતોના લીધે માણસ મશીન થઈ જાય છે. શિક્ષકો પણ બીબાઢાળ બનતા શિક્ષણક્ષેત્રે વધુ ઈનોવેટીવ બનવાની અનિવાર્યતા છે. ફોર્મેટમાં બંધાયેલો માણસ ખલાસ થઈ જાય છે. જે.સી. સમાહની ઉજવણી અન્વયે આજે યોજાયેલા યુવા સશકિતકરણ સેમિનારમાં આર.જે. ધ્વનિતે યુવાની તરફ ડગ માંડતા વિદ્યાર્થીઓને વીકનેસને સ્ટ્રેન્થમાં બદલવા પણ જણાવ્યું હતું.

૧૧ સપ્ટેમ્બરના રોજ આજે દિગ્વિજય દિનની ઉજવણી અન્વયે જે.સી.આઈ. તેમજ સે-૨૩ કડી કેમ્પસ સ્થિત એમ.કે. પટેલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા યુવા સશકિતકરણ અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ તબક્કે રેડીયો જોડી ધ્વનિતે વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યની ઉજ્જવળ કેડી કંડારવા પોતાનું નિર્માણ પોતે કરવા તેમજ નિષ્ફળતાથી ન ડરવા હાકલ કરી હતી. ધ્વનિતે સ્ટુડન્ટસને સંબોધતા કહ્યું હતું કે સાવ ભીંજાયેલો માણસ ધોધમાર વરસાદથી ડરતો નથી વીકનેસને સ્ટ્રેન્થમાં બદલતા શીખી લેવું જરુરી છે. જયારે આ યુગમાં સતત ટકી રહેવાની મથામણમાં જીવનનો હેતુ ભુલી જવાય છે. માણસ બીબાઢાળ બને ફોર્મેટમાં બંધાય એટલે ખલાસ થઈ જાય. જીવનમાં એક તબક્કો એવો પણ આવી જાય છે. અભિતાભ બચ્ચન પણ એક સમયે એંગ્રી યંગમેનની ફોર્મ્યુલામાં બંધાઈ જતા સ્ક્રીન પર ફલોપ પીકર્ચસની સીરીઝ ખડકાઈ હતી. આ તબક્કે સમયને ધ્યાને લઈ આઉટ ઓફ બોક્ષ થીંકીંગ કરવું જરુરી છે. ફોર્મ્યુલાને તોડવા આપણી જાતને સકારાત્મક રીતે જોવી જોઈએ. ગાંધીનગરમાં પણ ફોર્મ્યુલા નામનો વાઈરસ નડતો હોય તેવા ઘણા વ્યકિતઓ છે. આજે શિક્ષકોએ પણ બીબામાંથી બહાર નીકળી ઈનોવેટીવ બનવાની જરૂર છે. પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસે પણ વિદ્યાર્થીઓને પોતાની કારકીર્દી માટે મા બાપની નહીં પરંતુ પોતાના રસ રુચિને ધ્યાને લઈ નિર્ણય લેવા જણાવ્યું હતું. તેમણે યુવા પેઢીને જિન્દાદીલ બનવાની હાકલ કરી મહાન વિભૂતિઓએ પણ નિષ્ફળતા અનુભવી હોવાથી જીવનમાં ફેઈલરનો ખોફ ન રાખવા સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે મતપેટીમાંથી એમ.પી., એમ.એલ.એ. મળે છે. લોકનેતા નહીં! સેમિનારમાં મેનેજમેન્ટ ટ્રેઈનર સુરેશ પટેલ, કડી કેમ્પસના ડિન ડૉ. ભાવિન પંડયા, જે.સી.આઈ.ના ઝોનલ પ્રમુખ જુગલકિશોર સ્થાપક પ્રમુખ કેતન નિર્મલે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતાં.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા ચિલોડા-ડભોડા વ્યાયામ વિભાગ દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલના બાળ વિભાગ અંડર-૧૪ એથ્લેટિકસ સ્પર્ધામાં ધો-૮ની પટેલ રાજવી જયેશભાઈ ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમાંક, તથા ભાઈઓના ધોરણ-૮ના વિદ્યાર્થી રાઠોડ હરદિપસિંહ મનહરસિંહ ૧૦૦ મીટર દોડમાં તૃતીય ક્રમાંક રાઠોડ હર્ષરાજસિંહ , પુષ્પરાજસિંહ ૨૦૦ મીટર દોડમાં, તૃતીય ક્રમાંક તથા ઠાકોર સાહિલ, અશોકભાઈ ૬૦૦મીટર દોડમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. ચિલોડા-ડભોડા વ્યાયામ વિભાગ દ્વારા પ્રમાણપુત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ રૂરલ આઈટી કવીઝ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગર દ્વારા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આઈટીનો ઉપયોગ કરતા શીખે. આ ફિલ્ડ પ્રત્યે તેમનામાં જાગૃતતા આવે તે હેતુથી દરેક જિલ્લામાં જિલ્લાની ગ્રામ્ય વિસ્તારમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે નેશનલ રૂરલ આઈટી કવીઝ સ્પર્ધા ૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓ માટે કવીઝનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવ્યું છે.

આઈટી કવીઝમાં દરેક શાળામાંથી ત્રણ ટીમ ભાગ લેશે. પ્રત્યેક ટીમમાં ધોરણ -૮-૯-૧૦-૧૧-૧૨માંથી બે વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધા તા.૧૨મી સપ્ટેમ્બરે બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. દરેક જિલ્લાની પ્રથમ દશ ટીમ રાજયકક્ષાએ ભાગ લેશે. રાજયકક્ષાની કવીઝ તા. ૨૪મી સપ્ટેમ્બરના રોજ યોજાશે. પ્રથમ ત્રણ નંબરને ઈનામો અપાશે. વધુ માહિતી માટે હાર્દિક મકવાણા મો. ૯૪૨૬૪૫૧૧૦૨ પર સંપર્ક કરવો.

પ્રેરણા વિદ્યાલય ખાતે જિલ્લાકક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ ગાંધીનગર જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશન દ્વારા જિલ્લાકક્ષાની શાળાકીય અંડર-૧૪ ફેન્સીંગ સ્પર્ધા તા. ૭મી સપ્ટેમ્બરના રોજ પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લાની વિવિધ શાળાના કુલ ૨૫ ખેલાડી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

આ ફેન્સીંગ સ્પર્ધામાં ભાઈઓના વિભાગમાં પ્રેરણા વિદ્યાલયના ઈર્ષિત નાણાંવટી, સચીન પટ્ટણી, હિમાંશુ પંડ્યા, મયંક રાવલ તથા એન.એન. શાહ પ્રાથમિક શાળાના ઉવારસદના સાગર ઠાકોરની જિલ્લાની ટીમમાં પસંદગી થઈ છે. જ્યારે બહેનોના વિભાગમાં ભાવિકા સોલંકી, પાર્વતી ઠાકોર, જૈમીની પરમાર, નેહા શાહ અને રિદ્ધિ ગોહિલ તમામ પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓની જિલ્લાની ટીમમાં પસંદગી થઈ છે. આ તમામ ખેલાડીઓ અમદાવાદ ખાતે યોજાનાર આગામી રાજયકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્રસંગે મ્યુનિસિપલ કોર્પોરેટર સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશીષભાઈ દવે, ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ડૉ. મયુરભાઈ જોષી, પ્રેરણા વિદ્યાલયના આચાર્યા સ્વાતીબા રાઓલ, જિલ્લા એસોસીએશનના મંત્રી ભરતજી ઠાકોર અને ટેકનીકલ ચેરમેન હિંમતજી ઠાકોર હાજર રહ્યા હતા. આ તમામ ખેલાડીઓને શાળાના આચાર્યા સ્વાતીબા રાઓલ, ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા ફેન્સીંગ એસોસીએશનના મંત્રી ભરતજી ઠાકોરે આગામી રાજયકક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

આદર્શ નિવાસી શાળા ખાતે પશ્ચિમ ઝોનનો યુવા ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર આદર્શ નિવાસી શાળા, સેક્ટર-૧૩ ખાતે ગતરોજ પશ્ચિમ ઝોન કક્ષાનો યુવા ઉત્સવ સ્પર્ધાનું આયોજન શાળા ખાતે રાખવામાં આવ્યું હતું. સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા ઉમદા પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

સ્પર્ધાઓમાં એક પાત્રીય અભિનયમાં રાઠોડ અંજલી પ્રથમ આવી હતી. લોકગીત સ્પર્ધામાં ડામોર લીલા, હળવુ કંઠપ સંગીતમાં ઝાલા ધર્મિષ્ઠા પ્રથમ નંબર મેળવ્યો હતો. તેમજ શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા સમુહ ગીત સ્પર્ધામાં પણ પ્રથમ નંબર મેળવેલ હતો. આ ઉપરાંત લોકગીત સ્પર્ધઆમાં સોલંકી સુરેખાએ ત્રીજો નંબર મેળવ્યો હતો. વક્તૃત્વ સ્પર્ધામાં પરમાર પૂજા એમ. પણ ત્રીજો નંબર મેળવ્યો હતો. આ તમામ સ્પર્ધાની સંપૂર્ણ તૈયારી શાળાની શિક્ષિકા અમિતાબેન પરમારે કરી હતી. તેમજ શાળાના આચાર્ય કુસુમબેન બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આદર્શ નિવાસી શાળા સે-૧૩ ખાતે શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર આદર્શ નિવાસી શાળા સેકટર-૧૩ ખાતે ગત તારીખ ૧૦ સપ્ટેમ્બરના રોજ સ્વયં શિક્ષક દિનની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા આનંદ ઉલ્લાસથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઝાલા ડિમ્પલ આચાર્ય અને પૂજા પરમારે ઉપાચાર્યની એક દિવસની ભૂમિકા ભજવી હતી. શાળાના ધોરણ ૯ થી ૧૧ની વિદ્યાર્થીનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી અને વ્યવસ્થિત રીતે શિક્ષણ કાર્ય સુચારું રુપે ચલવ્યું હતું. કાર્યક્રમ બાદ શાળાના બાળકો દ્વારા નૃત્ય ગીત સાથે સંગીતમય મનોરંજન માહોલમાં શિક્ષક દિનની ઉજવણી સંપન્ન થઈ હતી. શાળાના આચાર્યા કુસુમબેન દ્વારા તમામ વિદ્યાર્થીનીઓએ સફળ સંચાલન માટે અભિનંદન પાઠવ્યા હતા.

ફતેપુરા પ્રાથમિક શાળા ખાતે ગુરૂવંદના છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ફતેપુરા (વારિગૃહ) પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં ગુરૂવંદના-છાત્ર અભિનંદન કાર્યક્રમનું આયોજન ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા કરવામાં આવ્યું હતું.

ફતેપુરા વારિગૃહ પ્રાથમિક શાળા ખાતે ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખા દ્વારા ગુરૂવંદન-છાત્ર અભિનંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ભા.વિ.પ.ના ગાંધીનગર શાખાના પ્રમુખ શ્રી હેમંતભાઈ સુથાર, શ્રીમતિ જ્યોત્સનાબેન સુથાર તથા ભા.વિ.પ.ના સંયોજિકા બહેન શ્રી મણીબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી હેમંતભાઈ સુથારે પ્રમુખસ્થાનેથી ગુરૂ શિષ્યના પવિત્ર સંબંધોનું મહત્વ સમજાવ્યું. વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી એવી વાતો કરી.

ધોરણવાઈઝ વર્ગના શ્રેષ્ઠ વિદ્યાર્થી દ્વારા વર્ગશિક્ષકનું સન્માન કરવામાં આવ્યું. શિક્ષકશ્રીએ વિદ્યાર્થીનું ફૂલછડી તથા સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું. શાળાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ગજરાબેન રાવળને સન્માનપત્ર તથા ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષિકા દેવિકાબેન દ્વારા શપથગ્રહણ કરાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુકેશભાઈ પટેલે સંભાળ્યું હતું.

રાંધેજા વિભાગની બહેનોની એથ્લેટિકસ સ્પર્ધા વાસનમાં યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

અન્ડર -૧૬માં ચૌધરી સૃષ્ટિ ૧૦૦ મી., ૧૫૦૦ મીટર તેમજ લાંબી કૂદમાં તેમજ અન્ડર ૧૭માં ૧૦૦ મીટર તૃતીય લાંબીકૂદમાં દ્વિતીય સ્વામી નારાયણ હાઈસ્કુલ બાલવાની બહેનએ સ્થાન મેળવેલ છે.

અન્ડર ૧૯ ચૌધરી મનિષા કે ૨૦૦મીટર, લાંબીકૂદ, ઊંચીકૂદમાં પ્રથમ ચૌધરી પિન્કી, ૧૦૦મીટર અને ૪૦૦ મીટર પ્રથમ ચૌધરી નિશા, ચકફેંક, બરછી ફેંકમાં પ્રથમ તેમજ ગોળા ફેકમાં તૃતીય તેમજ તેમને માર્ગદર્શન આપનાર વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર પટેલ, આચાર્ય અર્જુનસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

શિક્ષક દિને 'શિક્ષક' બનેલા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પુરસ્કાર અપાયા

લાયોનેસ કલબ, ગાંધીનગર ધ્વારા દત્તક લેવાયેલી સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૮ ખાતે શિક્ષક દિનના અનુસંધાને શિક્ષકો બનેલા વિદ્યાર્થીઓ વચ્ચે 'શ્રેષ્ઠ શિક્ષક સ્પર્ધા' યોજીને વિદ્યાર્થીઓને ઈનામો અપાયાં હતા.

લાયોનેસ કલબ ઑફ ગાંધીનગરના પ્રમુખ શ્રીમતી આરતી ભટ્ટે જણાવ્યું હતું કે, શિક્ષક દિનના અનુસંધાને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૮ના વિદ્યાર્થીઓએ શિક્ષકો તરીકે ફરજ બજાવી હતી. મુખ્ય શિક્ષક તરીકે મયુર જસુભાઈ સોલંકીએ સુંદર ફરજ નિભાવી હતી. દરેક વિદ્યાર્થીઓએ પોતાને સોંપાયેલા વિષયો બાળકોને નિષ્ઠાપૂર્વક ભણાવ્યા હતા. દિવસ દરમિયાન માર્કીંગ કરીને ૩ શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક' જાહેર કરાયા હતા. કુ. નિશા મકવાણા, જયમીન સુરેશભાઈ પરમાર અને હાર્દિક દિનેશભાઈ પરમાર 'શ્રેષ્ઠ શિક્ષક' બન્યા હતા. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને શાળા, એલ.આઈ.સી. વનશ્રી ટ્રસ્ટ અને લાયોનેસ કલબ ધ્વારા ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. શિક્ષક દિનની ઉજવણીમાં શાળાના આચાર્ય શ્રીમતી રમીલાબેન મકવાણા, તથા લાયોનેસ કલબની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભગવાન શ્રીગણેશનો ગજાનન નામે અવતાર સાંખ્યબ્રહ્મનો ધારક છે, તે સાંખ્યયોગીઓ માટે સિદ્ધિદાયક માનવો જોઈએ

પ્રસંગસર
- માયા ભાનુપ્રસાદ દવે

ગજાનન

ગજાનનઃ સ વિજ્ઞેયઃ સાંખ્યેભ્યઃ સિદ્ધિદાયકઃ ।
લોભાસુરપ્રહર્તા વૈ આકુગશ્ચ પ્રકીર્તિતઃ ॥

ભગવાન શ્રીગણેશનો ગજાનન નામે અવતાર સાંખ્યબ્રહ્મનો ધારક છે. તે સાંખ્યયોગીઓ માટે સિદ્ધિદાયક માનવો જોઇએ. તેમને લોભાસુરના સંહારક તથા મૂષક વાહન પર સવાર થનારા કહેવાયા છે.

એક વેળાએ દેવતાઓનાં કોષાધ્યક્ષ કુબેર કૈલાસ પહોંચ્યા. ત્યાં તેમણે ભગવાન શિવ-પાર્વતીનાં દર્શન કર્યાં. કુબેર ભગવતી ઉમાના અનુપમ સૌંદર્યને મુગ્ધદૃષ્ટિથી એકીટશે નિરખવા લાગ્યા. તેમે એકીટશે ભયભીત થઇ ગયા. તે જ સમયે ભયભીત કુબેરથી લોભાસુર ઉત્પન્ન થયો. તે અત્યંત પ્રતાપી તથા બળવાન હતો. લોભાસુર દૈત્યગુરૂ શુક્રાચાર્ય પાસે ગયો. તેને શુક્રાચાર્યના ચરણોમાં પ્રમાણ કરી પોતાને શિષ્ય બનાવવા તેમને પ્રાર્થના કરી. આચાર્યે તેને પંચાક્ષરી મંત્ર (ૐ નમઃ શિવાય) ની દીક્ષા આપી તપ કરવા માટે વનમાં મોકલી દીધો.

નિર્જન વનમાં જઇને તે પ્રબળ અસુરે પહેલાં સ્નાન કર્યું. પછી ભસ્મ ધારણ કરીને તે ભગવાન શિવનું ધ્યાન કરતાં કરતાં પંચાક્ષરી મંત્રનો જાપ કરવા લાગ્યો. તે અન્ન-જળનો ત્યાગ કરીને ભગવાન શંકરની પ્રસન્નતા અર્થે ઘોર તપ કરવા લાગ્યો. તેણે દિવ્યસહસ્ત્ર વર્ષ સુધી અખંડ તપ કર્યું. તેના કઠોર તપથી પ્રસન્ન થઇને ભગવાન શિવ પ્રકટ થયા.

લોભાસુર દેવાધિદેવ ભગવાન શિવનાં ચરણોમાં પ્રણામ કરીને તેમની સ્તુતિ કરવા લાગ્યો. કૃપાળુ ભગવાન શિવજીને વર આપીને તેને ત્રણેય લોકોમાં નિર્ભય કરી દીધો. ભગવાન શિવનાં અમોઘં વરથી નિર્ભય લોભાસુરે દૈત્યોની વિશાળ સેના એકત્ર કરી. તે એસુરોનાં સહયોગથી લોભાસુરે પહેલાં તો પૃથ્વીના સમસ્ત રાજાઓએ જીતી લીધા. પછી તેણે સ્વર્ગ ઉપર આક્રમણ કરી દીધું. ઇન્દ્રને પરાજિત કરી તેણે અમરાવતી પર અધિકાર કરી લીધો. પરાજિત થઇને ઇન્દ્ર ભગવાન વિષ્ણુની પાસે ગયા તથા તેમને પોતાની વ્યથા કહી સંભળાવી. ભગવાન વિષ્ણુ અસુરોનો સંહાર કરવા પોતાના ગરૂડ પર ચઢીને આવ્યા. ભયાનક સંગ્રામ થયો. ભગવાન શંકરનાં વરથી અજેય બનેલા લોભાસુર સામે તેમને પણ પરાજયનું મોં જોવું પડ્યું.

વિષ્ણુ તથા અન્ય દેવોના રક્ષક મહાદેવ છે એમ વિચારી લોભાસુરે પોતાનો દૂત શિવજી પાસે મોકલ્યો. દૂતે કહ્યું, 'આમ પરમ પરાક્રમી લોભાસુર સાથે યુદ્ધ કરો કાં તો પરાજય સ્વીકારીને કૈલાસ ખાલી કરો.' ભગવાન શંકરે પોતે આપેલા વરદાનનું સ્મરણ કરીને કૈલાસ છોડી દીધું. લોભાસુરના આનંદનો પાર રહ્યો નહીં. તેના રાજયમાં સમસ્ત ધર્મ-કર્મ સમાપ્ત થઇ ગયાં, પાપોનો નગ્ન નાચ થવા માંડ્યો. બ્રાહ્મણો અને ઋષિ-મુનિઓ યાતના સહેવા લાગ્યાં. રૈભ્ય મુનિના કહેવાથી દેવાએ ગણેશ-ઉપાસના કરી. પ્રસન્ન થઇને ગજાનને લોભાસુરના અત્યાચારથી દેવતાઓને મુક્તિ અપાવવાનું વચન આપ્યું.

ગજાનને ભગવાન શિવને લોભાસુર પાસે મોકલ્યા. ત્યાં શિવજીને લોભાસુરને ચોખ્ખા શબ્દોમાં ગજાનનનો સંદેશો સંભળાવ્યો, 'તું ગજાનની શરણે આવીને શાંતિપૂર્ણ જીવન વિતાવ, કાં તો યુદ્ધ માટે તૈયાર થઇ જા.' તેને ગુરૂ શુક્રાચાર્યે પણ ભગવાન ગાજાનનનો મહિમા જણાવીને ગજાનનનું શરણું લેવું કલ્યાણકારી કહ્યું, લોભાસુરે ગણેશ-તત્ત્વને સમજી લીધું. પછી તો તે મહાપ્રભુના ચરણોની વંદના કરવા લાગ્યો. શરણાગતવત્સલ ગજાનને તેને ક્ષમા કરી પાતાળે મોકલી દીધો. દેવો અને મુનિ સુખી થઇને ગજાનનના ગુણગાન કરવા લાગ્યાં.